For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**લોકાર્પણના પ્રથમ રવિવારે ટ્રાફિક જામને કારણે લોકો ભારે હેરાન થયા હતા**

# ડુમસ સી ફેસના ધાંધિયા આજે દૂર થશે?

**સાંજે** સાત વાગ્યે લાઈટિંગનો સમય નહીં ફેરવાય તો ડુમસ સી ફેસના કરોડો રૂપિયા પાણીમાં જશે

સુરતઃ ડુમસ સી ફેસ ડેવલપમેન્ટના લોકાર્પણના પહેલા જ રવિવારે મનપાની બેદરકારી ઉઘાડી પડી જવા પામી હતી. ડુમસ સી ફેસ જોવા માટે લોકો પહોંચી ગયા પરંતુ વાહનોના પાર્કિંગ અને ટ્રાફિકજામથી માંડીને ટોયલેટ બ્લોકની ગંદકી અને સાંજે સાત કલાકે જ લાઈટો બંધ કરી દેવાને કારણે લોકો ભારે હેરાન થયા હતા. આરંભે શુરા જેવી સુરત મનપાના અણઘડ અધિકારીઓને ગયા રવિવારે સુરતીઓએ ભારે સહન કર્યું હતું ત્યારે હવે આવતીકાલે પણ રવિવાર છે ત્યારે મનપા દ્વારા જો યોગ્ય આયોજનો કરવામાં નહીં આવે તો તમામ સમસ્યા ફરી થશે તે નક્કી છે.

સુરત મહાપાલિકા દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચો કરીને જે તે પ્રોજેક્ટો કરવામાં આવે છે પરંતુ બાદમાં તેનું

...અનુસંધાન પાના 5 પર

### ફૂડ કોર્ટ નથી, પાણી માટે સી ફેસથી દૂર જવું પડે તેમ છે

ડુમસ સી ફેસમાં સૌથી મોટી સમસ્યા એ છે કે ત્યાં કોઈ જ ફૂડ કોર્ટ બનાવવામાં આવી નથી. લોકોએ પાણી માટે પણ દૂર સુધી જવું પડે તેમ છે. મનપાએ પ્રોજેક્ટ માટે કરોડો ખર્ચ્યા પરંતુ ફૂડકોર્ટ કે પાણીના આયોજનો કર્યા નહીં. સી ફેસ પર પહેલી જરૂરીયાત ફૂડકોર્ટની છે.

### ટોઈલેટ બ્લોકની સફાઈ આ રવિવારે પણ જોવા મળશે કે કેમ? તે મુદ્દે આશંકા

સી ફેસ પર મુખ્ય બિલ્ડિંગમાં ટોયલેટ બ્લોક બનાવવામાં આવ્યા છે પરંતુ ગત રવિવારે સફાઈના અભાવે એવી હાલત થઈ હતી કે ટોયલેટ બ્લોકનો ઉપયોગ જ થઈ શકે નહીં. મહિલાઓ માટેના

...અનુસંધાન પાના 5 પર





### વાહનો માટે વન વે કર્યાના દાવા વચ્ચે પાર્કિંગની વ્યવસ્થા નહીં થાય તો પરિસ્થિતિ સુધરશે નહીં

ગત રવિવારે ડુમસ સી ફેસ માટે આવેલા લોકોએ વાહનો પાર્ક કરવા માટે ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી. તેમાં પણ લોકોએ ગમે ત્યાં વાહનો પાર્ક કરી દેતાં ટ્રાફિક જામની મોટી સમસ્યા થઈ હતી. લોકોએ બેથી ત્રણ કિ.મી. ચાલીને ડુમસ સી ફેસ સુધી જવું પડ્યું હતું. આખો વિસ્તાર ટ્રાફિકજામથી હેરાન થયો હતો. મનપા અને પોલીસે જોકે, ત્યારબાદ વાહનો વન વે કરવાથી માંડીને અન્ય આયોજનો કર્યાના દાવા કર્યા છે પણ જો વાહન પાર્કિંગ માટે આયોજનો કરવામાં નહીં આવે તો ટ્રાફિક જામની અને સી ફેસ સુધી જવા માટે લોકોએ આવતીકાલે રવિવારે પણ હેરાન જ થવું પડશે.

### સી ફેસ પર સિક્યુરિટી સ્ટાફના પણ મોટા ધાંધિયા, ગ્રુપો બનાવીને જગ્યાનો કબજો લઇ લેવાય છે

કરોડો રૂપિયાનો પ્રોજેક્ટ છતાં પણ ડુમસ સી ફેસ પર ગત રવિવારે સિક્યુરિટી સ્ટાફના ધાંધિયા જોવા મળ્યા હતા. લોકોએ લેન્ડસ્કેપિંગ પર ચડીને ફોટા પડાવીને લેન્ડસ્કેપિંગને ખરાબ કરી નાખ્યું પરંતુ તેને સાચવનાર કોઈ નહોતું. ઉપરથી ધાર્મિક સંસ્થાઓથી માંડીને કેટલાક ગ્રુપ દ્વારા સી ફેસમાં જગ્યાઓ પર કબજો કરી લેવામાં આવતા ફરવા માટે આવેલા લોકો હેરાન થયા હતા. હવે આ રવિવારે મનપા દ્વારા આ અટકાવવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું!

## ATKT આવતા SVNITના વિદ્યાર્થીની આત્મહત્યા

**મૂળ** રાજસ્થાનના વિદ્યાર્થીએ ઉમરાની શ્રમજીવી સોસાયટીમાં ભાડાની રૂમમાં ફાંસો ખાધો

સુરત : પ્રતિષ્ઠિત સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SVNIT ) ના વિદ્યાર્થી એ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લેવાની ઘટનાને પગલે કોલેજ કેમ્પસમાં સનસનાટી મચી ગઇ હતી. મિકેનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા 20 વર્ષીય આશાસ્પદ વિદ્યાર્થી યોગેશકુમારે શનિવારે પોતાના ભાડાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં અભ્યાસના ભાર અને પહેલા વર્ષમાં આવેલી બેકલોગ (KT) ને કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.ઘટનાની જાણ પોલીસને થતાં તપાસ હાથ ધરવામાં આવી છે. મૂળ રાજસ્થાનના સીકર જિલ્લાના નેછવા તાલુકાના ઘાણા ગામનો રહેવાસી યોગેશકુમાર શ્રવણકુમાર (ઉં.વ. 20) સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલી SVNITમાં અભ્યાસ કરતો હતો. જે ઉમરા ગામની શ્રમજીવી સોસાયટીમાં બીજા માળે ભાડાની રૂમ રાખીને એકલો રહેતો હતો. શનિવારે સવારે જ્યારે મકાનમાલિકે રોજિંદા ક્રમ મુજબ પાણી ભરવા માટે તેનો દરવાજો ખખડાવ્યો, ત્યારે અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. લાંબા સમય સુધી દરવાજો ન ખુલતા મકાનમાલિકે ધક્કો માર્યો હતો, જ્યાં અંદર યોગેશ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા મકાનમાલિક ચોંકી ઉઠ્યાં હતાં અને તુરંત પોલીસને જાણ કરી હતી.

### અભ્યાસમાં નબળા દેખાવનાં કારણે યોગેશ તણાવમાં હતો

સુરતઃ આપઘાત કરનાર ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાન પહેલા વર્ષમાં અનેક વિષયોમાં ફેઈલ થયો હતો. કોલેજના રેકોર્ડ મુજબ, યોગેશકુમાર (રોલ નંબરઃ U24ME202) એ વર્ષ 2024-25માં મિકેનિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ લીધો હતો. તે હાલ બીજા વર્ષમાં હતો, પરંતુ પહેલા વર્ષના પરિણામોમાં તેને અલગ-અલગ વિષયોમાં બેક (KT) આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, અભ્યાસમાં નબળા દેખાવ અને શૈક્ષણિક તણાવને કારણે તે છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે પરેશાન હતો, જે તેના આત્મહત્યા પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે.

### ખેડૂત પિતાના એકના એક પુત્રના આપઘાતથી પરિવારનું સ્વપ્નું રોળાયું

સુરતઃ એકનાં એક દિકરા પર આશા રાખીને બેઠેલાં ખેડૂત પરિવારનો આધાર છીનવાય ગયો. મૃતક યોગેશના પિતા શ્રવણકુમાર રાજસ્થાનમાં ખેતીકામ કરીને પુત્રને ભણાવતા હતા. ખેડૂત પિતાએ દીકરો એન્જિનિયર બનીને પરિવારનો સહારો બનશે તેવા સપના જોયા હતા, પરંતુ સુરતમાં બનેલી આ ઘટનાએ પરિવારને સ્તબ્ધ કરી દીધો છે. કોલેજ સત્તાધીશો દ્વારા યોગેશના પરિવારને તાત્કાલિક

...અનુસંધાન પાના 5 પર

### SVNIT કે આપઘાતની ફેક્ટરી!!: ત્રણ મહિનામાં બીજી ઘટના

સુરતઃ SVNIT માં વિદ્યાર્થીઓના આપઘાતનો આ પહેલો કિસ્સો નથી. માત્ર ત્રણ મહિના પહેલા, ડિસેમ્બર મહિનામાં પણ એક બી.ટેકના વિદ્યાર્થીએ હોસ્ટેલના બિલ્ડિંગ પરથી કૂદીને આત્મહત્યા કરી હતી. તે સમયે પણ વિદ્યાર્થીઓએ કોલેજ પ્રશાસન સામે રોષ વ્યક્ત કરી હોબાળો મચાવ્યો હતો. ટૂંકા ગાળામાં બનેલી બીજી આત્મહત્યાની ઘટનાને પગલે હવે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને કોલેજમાં કાઉન્સેલિંગની સુવિધા અંગે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

### પોલીસ એકેડેમિક સેક્શન પાસેથી તમામ વિગતો મેળવી

સુરતઃ સુરત પોલીસ અને હાલમાં SVNIT ના રજિસ્ટ્રાર અને ડીન (સ્ટુડન્ટ વેલફેર) દ્વારા આ બાબતે એકેડેમિક સેક્શન પાસેથી તમામ વિગતો મેળવી લેવામાં આવી છે. પોલીસ તપાસમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે શું શૈક્ષણિક તણાવ સિવાય અન્ય કોઈ અંગત કારણો પણ જવાબદાર હતા? આ ઘટનાએ સમગ્ર સુરત અને ખાસ કરીને વિદ્યાર્થી આલમમાં શોકની લાગણી પ્રસરાવી દીધી છે.

### યોગી ચોકમાં રામમઢી જતા વૃદ્ધાનું BRTS બસ ચાલકે અડફેટે લેતા મોત

સુરત : યોગીચોકમાં મિત્રો સાથે જહાંગીરપુરા ખાતે રામમઢી મંદિરે જતા વૃદ્ધાને બીઆરટીએસ બસ ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર ગારિયાધાર તાલુકાના વતની જશુબેન લક્ષ્મણભાઈ વઘાસીયા (64 વર્ષ) હાલ યોગીચોક ખાતે આવેલી તિરૂપતિ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. શુક્રવારે બપોરે જશુબેન તેમના અન્ય મિત્રો સાથે જહાંગીરપુરા ખાતે આવેલા રામાપીર ભગવાનના

...અનુસંધાન પાના 5 પર

## માત્ર માલિક હોવાથી પત્નીને જેલમાં મોકલી શકાય નહીં

**૫૭** લાખની કાપડની ઠગાઇમાં હાઈકોર્ટે મહિલાના આગોતરા જામીન મંજૂર કર્યા

**આ** કેસમાં પતિ ધંધાનો તમામ વહીવટ કરતો હતો

સુરતઃ પતિ ધંધાનું સંચાલન કરતા હોય ત્યારે પત્નીને માત્ર પ્રોપરાઈટર હોવાના લીધે જેલમાં મોકલી શકાય નહીં તેવી બચાવ પક્ષની દલીલ માન્ય રાખીને ગુજરાત હાઈકોર્ટે ગુનાહિત વિશ્વાસઘાતના એક કેસમાં પત્નીને આગોતરા જામીન આપ્યા છે.આ કેસની વિગત એવી છે કે વિનુભાઈ ગોરધનભાઈ વાસાણી તથા તેમની પત્ની શારદાબેન વાસાણી (રહે. સહજાનંદ હાઈટ્સ, યોગીચોક, વરાછા) વિરુદ્ધ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં રૂ.૫૭,૩૮,૬૭૬નું કાપડ ખરીદ્યા બાદ પેમેન્ટ નહીં આપતા બી.એન.એસ ૩૧૬(૫), ૬૧(૨) મુજબનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં પતિ ધંધાનો તમામ વહીવટ કરતાં હતા, જયારે પ્રોપરાઈટર પત્ની હતા. જેથી પત્ની શારદાબેનએ પોલીસ ધરપકડથી બચવા એડવોકેટ અશ્વિન જે જોગડીયા અને રાજેન જાધવ મારફતે ગુજરાત હાઈકોર્ટમા આગોતરા જામીન અરજી કરી હતી.

...અનુસંધાન પાના 5 પર

## વાવાઝોડામાં માળા તૂટી પડતાં અસંખ્ય ઈંડાં નાશ પામ્યાં

**મોટા** ભાગનાં પક્ષીઓનાં બ્રીડિંગ સમયે વાવાઝોડું

**ભારે** પવનમાં કેટલાંક પંખીના પગ અને પાંખ તૂટી ગયાં

સુરતઃ તાજેતરમાં સર્જાયેલી વાવાઝોડા જેવી પરિસ્થિતિની અસર માનવજીવન સાથે સાથે પક્ષીઓ પર પણ ગંભીર રીતે પડી છે. ગુરુવારે 80 કિમીની ઝડપે પવન ફૂંકાતા ચકલી, પોપટ, કબુતરો, કાગડા, બગલ અને નાનો કજીયો સહિત પક્ષીઓ આ વાવાઝોડાની અડફેટે ચઢી ગયાં હતાં. ખાસ કરીને આ સમય પક્ષીઓ માટે બ્રીડીંગ સમય હોવાથી વૃક્ષો કે પછી અગાશી, છાપરા સહિતનાં ખુણાખાચરમાં બનાવેલાં માળામાં ખૂબ જ મોટી સંખ્યામાં પક્ષીનાં ઈંડાં હોય છે. જે આ કુદરતી થાપટમાં ઘટાદાર વૃક્ષો પણ ધરાશાયી થવાને કારણે આ માળાઓ ફંગોળાઈ ગયા હોય અને જીવન પહેલાં જ ઈંડાઓનો નાશ થયો છે. તેમજ ઘણા નાના બચ્ચાં માતા-પિતાથી અલગ પડી ગયા છે અને તેમનો જીવ જોખમમાં મુકાયો છે. ખાસ કરીને ચકલી, કબૂતર અને અન્ય નાના પક્ષીઓ સૌથી વધુ અસરગ્રસ્ત બન્યા હોવાનું જાણવા મળ્યું છે. વાવાઝોડા દરમિયાન અનેક પક્ષીઓ ઈજાગ્રસ્ત થયા છે. વૃક્ષો પડી જવા, બિલ્ડિંગ સાથે અથડાવવા અને ભારે પવનમાં સંતુલન ગુમાવવાના કારણે પક્ષીઓના પાંખ અને પગ તૂટી જવાના બનાવો સામે આવ્યા છે. તો કેટલાકના મોત પણ થયા છે જે નોંધાયા નથી.

### વાવાઝોડા બાદ પ્રયાસ સંસ્થાને ૯૨ બર્ડ કોલ મળ્યાં

**૪૮ને** બચાવાયા 9 પક્ષી મૃત્યુ પામ્યાં

સુરતઃ પ્રયાસ સંસ્થાનાં દર્શન દેસાઈનાં જણાવ્યાં મુજબ ચક્રવાતી પવન ફંકાયાં બાદ ૯૨ જેટલાં બર્ડ કોલ મળ્યાં હતાં. જેમાં ૪૮ પક્ષીઓનું રેસ્કયુ કરાયું હતું. ઈજાગ્રસ્ત પક્ષીઓને સેલ્ટર લાવી સારવાર અપાઈ છે તેમજ કેટલાંક પક્ષીઓને સ્થળ પર ટ્રિમેન્ટ અપાઈ હતી. પ્રયાસ સંસ્થાને મળેલાં કોલમાં નવ પક્ષી મૃત પામ્યાં હતાં. ખાસ કરીને પક્ષીઓને સૌથી વધુ નુકશાન ઝાડ પરથી ફંગોળાયેલાં ગુંથણી(માળા)માં રહેલાં ઈંડાઓનું થયું છે. ચક્રવાતી પવનના કારણે પ્રવાસી પક્ષીઓનો માર્ગ પણ ભટકી જાય છે અને તેઓ અજાણી જગ્યાઓ પર પહોંચી જાય છે. સાથે સાથે વૃક્ષો અને કુદરતી રહેઠાણના નાશને કારણે પક્ષીઓને ખોરાક અને આશ્રય માટે સંઘર્ષ કરવો પડશે.

### સુરતમાં વાવાઝોડામાં બીજું મોત નોંધાયું, દીવાલ પડતાં આધેડને ઇજા પહોંચી હતી

સુરતઃ સચિનમાં વાવાઝોડાના કારણે રૂમની દિવાલ પડતાં આધેડનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, સચિન હળપતિવાસમાં 55 વર્ષ છનાભાઈ સુમનભાઈ રાઠોડ, ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. છનાભાઈ ખેતરમાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગત 19મીએ રાત્રે શહેરમાં અચાનક વાવાઝોડું આવ્યું હતું. દરમિયાન છનાભાઈની રૂમની દિવાલ તૂટી પડતા તેને ગંભીર ઇજાઓ થઈ હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શનિવારે સવારે તેનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે સચિન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ડિગ્રી વગર આ રીતે ખુલ્લામાં ટ્રીટમેન્ટ



### આશ્રમમાં કૃષ્ણલીલા કરતો હતો



### મહારાણા પ્રતાપના ગીત વગાડીને ઘોડેસવારી



**નકલી ચલણી નોટના નેટવર્કનો સૂત્રધાર રાજકોટમાં સલૂન ચલાવતો હતો**

## 12 પાસ પ્રદીપનો હાર્ટ-કેન્સરની સારવારના વિડીયો ફરતા થયા



**ગઠિયા** પ્રદીપે અનેક દર્દીઓના જીવન સાથે ચેડાં કર્યાં, કેટલાકનાં મોત થયાની પણ સંભાવના

**પોલીસ** દ્વારા આ દિશામાં તપાસ કરવામાં આવે તો પ્રદીપના અનેક ભાંડા ફૂટે તેમ છે

સુરત : જોટંગીયાની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કરેલી તપાસમાં તે ખરેખર ધો.12 પાસ જ છે અને તેની પાસે મેડિકલની કોઈ જ ડિગ્રી નથી તેવું બહાર આવ્યું છે પરંતુ તેના આશ્રમના જે વિડીયો સોશિયલ મીડિયા પર મુકવામાં આવ્યા છે તેમાં ચોખ્ખું દેખાય છે કે ચીટર પ્રદીપ સુરતના કામરેજના ધોરણપારડી ખાતે આવેલા પોતાના આશ્રમમાં 'શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન'ના નામે લોકોની શ્રદ્ધા અને આસ્થા સાથે ખિલવાડ કરી રહ્યો હતો.

પોતાનો મોટો ચમત્કારીક બાબા તરીકે ગણાવો પ્રદીપ

...અનુસંધાન પાના 5 પર

**ધોરણ પારડીના સત્યમ યોગધામને વર્ષ-2019માં નોટિસ ફટકારી હતી**

### ગેરકાયદે આશ્રમ પર બુલડોઝર માટે ગ્રામજનો હલ્લાબોલ કરશે

**પોલીસ** પરવાનગી વગર જ રાત્રે લાઉડ સ્પીકર વગાડતો હતો

કામરેજઃ કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે તાપી નદીના કિનારે આવેલા 'સત્યમ યોગ ધામ'ના સંચાલક પ્રદીપ દિલીપ જોટંગીયા ડુપ્લિકેટ ચલણી નોટના કેસમાં પકડાયા બાદ હવે આશ્રમની અનેક શંકાસ્પદ પ્રવૃત્તિઓ બહાર આવી રહી છે. ગત તા.11-9-2019ના રોજ ગ્રામ પંચાયત દ્વારા આશ્રમને નોટિસ ફટકારવામાં આવી હતી, જેમાં જણાવાયું હતું કે, આ આશ્રમ કોઈપણ પ્રકારની વહીવટી પરવાનગી વિના બનાવવામાં આવ્યો છે. આશ્રમમાં મોડી રાત સુધી બહારથી આવતા લોકો અને મહિલાઓની અવરજવર રહેતી હતી, જે અંગે ગ્રામજનોએ અગાઉ પણ વિરોધ નોંધાવ્યો હતો.

પંચાયતની નોટિસમાં એવો પણ ઉલ્લેખ હતો કે, રાત્રિ દરમિયાન પોલીસની પરવાનગી વગર લાઉડ સ્પીકર્સ વગાડી આજુબાજુના રહીશોને ત્રાસ આપવામાં આવતો હતો. આશ્રમમાં આવતા લોકો દ્વારા આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતાં અને ભારે વાહનોને કારણે પંચાયતની પાણીની લાઈન તેમજ ગટરને પણ નુકસાન પહોંચ્યું હતું. જ્યારે ગામ લોકોએ આ બાબતે રજૂઆત કરી ત્યારે તેમને બહારથી માણસો બોલાવીને માર મારવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. ગ્રામજનોના જણાવ્યા અનુસાર આશ્રમમાં લાંબા સમયથી ગુનાહિત કાર્યો ચાલી રહ્યાં હતાં, જેને પગલે તા.11-11-2021ના રોજ પણ મહિલાઓની રાત્રિ અવરજવર બંધ કરાવવા અરજી કરવામાં આવી હતી. હાલમાં મળેલી વિગતો મુજબ આગામી રવિવારે ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થઈ આ ગેરકાયદે આશ્રમ પર બુલડોઝર ફેરવવા માટે 'હલ્લાબોલ' કરવાની તૈયારી કરી રહ્યા છે.

### જાન્યુઆરીમાં ચીનમાં કરન્સી પેપર સપ્લાય કરતાં એજન્ટો સાથે રોકાયો હતો

ગાંધીનગર : જાન્યુઆરીમાં ચીનના પ્રદીપ જોટંગિયા જાન્યુઆરી માસમાં ચીનના ગ્વાંગઝોઉ અને કિંગદાઓ શહેરની મુલાકાતે ગયો હતો. આ મુલાકાત વખતે ત્યાં તે કરન્સી સિક્યુરિટી પેપર સપ્લાય કરતા એજન્ટો સાથે કેટલાક દિવસ રોકાયો હતો. તેણે ચીનમાંથી સ્ટેશનરી પેપરના નામે કરન્સી પેપર મંગાવી હતી, જેનો ઉપયોગ નકલી નોટો બનાવવા માટે થતો હતો. અત્યાર સુધીમાં આવા ત્રણ પાર્સલ મંગાવવામાં આવ્યા હોવાની વિગત બહાર આવી છે.

### પ્રદીપે પોતાના આશ્રમમાં ઓપરેશન થિયેટર પણ બનાવ્યું હતું

નકલી યોગગુરૂ પ્રદીપે પોતાના આશ્રમમાં જ ઓપરેશન થિયેટર જેવી વ્યવસ્થા ઉભી કરી હતી. અમદાવાદ ક્રાઈમબ્રાંચની તપાસમાં આશ્રમમાં 2 એવા રૂમ મળી આવ્યા છે જે ઓપરેશન થિયેટર તરીકે વપરાતા હતા, જેમાં તમામ મેડિકલ સાધન-સામગ્રી પણ

...અનુસંધાન પાના 5 પર

### ગઠિયા પ્રદીપે ભગવાન કૃષ્ણનો વેશ ધારણ કરીને ભક્તોને ભ્રમિત કરતો હતો

ગઠિયો પ્રદીપ ભક્તિના નામે પણ પાખંડ જ કરતો હતો. એક વિડીયોમાં આ ગઠીયા પ્રદીપ ભગવાન શ્રીકૃષ્ણનો વેશ ધારણ કરીને ભક્તોની વચ્ચે મટકી ફોડતો નજરે પડે છે. શ્રદ્ધાળુઓને આકર્ષવા અને પોતાની છબી એક દૈવી પુરૂષ તરીકે ઉભી કરવા તે આવા ધાર્મિક નાટકો કરતો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે.

### ઘોડેસવારી કરવાનો અને વટ મારવાનો પ્રદીપને મોટો શોખ હતો

પ્રદીપને પોતાની જીવનશૈલી રજવાડી છે તેવું બતાવવાનો પણ ભારે શોખ હતો. પોતે કિંમતી ઘોડા પર સવાર હોય અને મહારાણા પ્રતાપના ગીત પર ઘોડેસવારી કરતો હોય તેવા વિડીયો પણ પ્રદીપે ઉતરાવ્યા હતા અને તેને સોશિયલ મીડિયા પર મૂક્યા હતા.

## સુરતમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન બંનેમાં વધારો

**મહત્તમ** તાપમાન 34.5, જ્યારે લઘુત્તમ 21.2 ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીનું પ્રમાણ ફરી વધતું જોવા મળ્યું છે. મહત્તમ તાપમાનમાં અઢી ડિગ્રીનો વધારો થતાં તે 34.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સાથે જ લઘુત્તમ તાપમાનમાં પણ 1.2 ડિગ્રીનો વધારો થઈ 21.2 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. તાપમાનના આ વધારાને કારણે શહેરમાં ગરમીનો અહેસાસ ફરી વધ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે હવામાં 38 ટકા ભેજ નોંધાયો હતો, જે ગરમીને વધુ અસહ્ય બનાવે છે. સાથે જ ઉત્તર-પશ્ચિમ દિશામાંથી લગભગ 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં થોડું સંતુલન જોવા મળ્યું હતું, પરંતુ તે ગરમી ઘટાડવામાં ખાસ અસરકારક સાબિત થયો નથી. ગુરુવારે સાંજે શહેરમાં ભારે તોફાની પવનો ફૂંકાયા હતા, જેના પરિણામે

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





સ્વ. રમણલાલ મોહનલાલ પટેલ

જન્મ તા. ૧૬/૧૧/૧૯૪૧ સ્વ.તા. ૨૧/૦૩/૨૦૨૬

દુઃખદ અવસાન-બેસણું

સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી રમણલાલ મોહનલાલ પટેલનું દુઃખદ અવસાન તા. ૨૧/૦૩/૨૦૨૬ને શનિવારનાં રોજ થયેલ છે. સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૨૩/૦૩/૨૦૨૬ને સોમવારનાં રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. નોંધ લૌકિક રિવાજ બંધ છે.

લિ.

ધર્મેશભાઈ રમણલાલ પટેલ (પુત્ર)
સુરેશભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
દિનેશભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
કિરીટભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
વિનોદભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)

સ્થળ : બંગલામા, અંબાજી મંદિરની સામે, નાનીવેડ, સુરત





સ્વ. જગદીશભાઈ બાલુભાઈ પટેલ

જન્મ તા. ૨૪-૦૪-૧૯૬૮ મરણ તા. ૨૨-૦૩-૨૦૨૧ ફાગણ સુદ આઠમ

પાંચમી પૂણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે. દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ, આપની યાદ અમારી સાથે સદાય રહેશે.

''પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.''

''વ્હાલા પપ્પા'' તમારી ખોટ પરિવારને હંમેશા યાદગાર રહેશે.

લિ.

ગં.સ્વ. રીટાબેન જગદીશભાઈ પટેલ (પત્ની)
ડેનિલ જગદીશભાઈ પટેલ (પુત્ર) | રાજવી ડેનિલભાઈ પટેલ (પુત્રવધુ)
જૈમિની નકુલકુમાર પટેલ (પુત્રી) | નકુલકુમાર એસ.પટેલ (જમાઈ)
હેતલ તેજસકુમાર પટેલ (પુત્રી) | તેજસકુમાર જે. પટેલ (જમાઈ)
ભાર્ગવી, નીવા, ક્રિશ્વી તથા સમસ્ત પરિવાર





સ્વ. મનીષભાઈ બળવંતભાઈ પટેલ

સ્વ. તા. ૧૯-૦૩-૨૦૨૬ ફાગણ વદ-અમાસને ગુરુવાર, સંવત ૨૦૮૨

સંયુક્ત બેસણું

અમારા જમાઈ સ્વ. મનીષભાઈ બળવંતભાઈ પટેલ તા. ૧૯-૦૩-૨૦૨૬ને ગુરુવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતી અર્પે એવી પ્રાર્થના.

બેસણું સ્થળઃ- ઘંટી શેરી, હજીરા ગામ, સુરત
તા. ૨૩-૦૩-૨૦૨૬, સોમવાર ૧૦.૦૦ a.m. થી ૦૧.૦૦ p.m

લિ.

અમૃતભાઈ એલ. પટેલ
વિઝનકુમાર એ. પટેલ
તથા
સમસ્ત પરિવાર (હજીરા)